ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૩૫ ટકા

# એકિઝટ એકઝામની 'એન્ટ્રી' થાય તે પહેલા જ વિરોધ...!!

## ગાંધીનગર મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ કાળાં કપડાં પહેરી સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યુ : વિદેશથી ભણીને આવનાર તથા પેરા મેડિકલ વિદ્યાર્થીઓને બાકાત રખાયા હોવાથી 'ભેદભાવ'નો આક્ષેપ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં મેડિકલના વિદ્યાર્થીઓ દ્વારા આજે એકિઝટ પરીક્ષાને દૂર કરવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ કાળા કપડાં પહેરી હાથમાં એકિઝટ એકઝામનો વિરોધ કરતા બોર્ડ સાથે ગાંધીનગરના સે-૧૨ ખાતેની મેડિકલ કોલેજના કેમ્પસમાં સુત્રોચ્ચાર કર્યા હતા. આ વિરોધ પ્રદર્શનમાં આશરે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

તબીબી ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પણ એકિઝટ એકઝામ આપવી પડશે. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને જ તબીબી ક્ષેત્રે પ્રેકટીશ કરવાની પરવાનગી મળી શકે છે. જો કે આ પરીક્ષા વિદેશથી એમબીબીએસ થઈને આવતા વિદ્યાર્થીઓ તથા અન્ય પેરા મેડીકલ જેવા કે આયુર્વેદિક, હોમિયોપેથીક વગેરેના વિદ્યાર્થીઓને આપવી નહી પડે. ગાંધીનગર મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓનું કહેવું છે કે આવો ભેદભાવ કેમ? ભારતમાં મેડિકલનો અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમ દરમિયાન કુલ ૧૮ પરીક્ષાઓ પાસ કરે ત્યારે તેમનો અભ્યાસક્રમ પૂર્ણ થાય છે તો પછી ફરીથી એકિઝટ એકઝામ શા માટે આપવાની? વળી, આ પરીક્ષા માત્ર ભારતમાં એમબીબીએસ કરતા વિદ્યાર્થીઓ માટે જ શા માટે? આ પ્રકારના સવાલો સાથે આજે ગાંધીનગરના સેકટર-૧૨ ખાતેની જીએમઈઆરએસ સંકુલમાં વિદ્યાર્થીઓએ વિરોધ પ્રદર્શન કર્યુ હતું. એકિઝટ એકઝામને આ વિદ્યાર્થીઓએ તેમની સાથે અન્યાય અને ભેદભાવ સમાન હોવાનું જણાવ્યું હતું.

### શું છે એકિઝટ એકઝામ?

અત્યારે મેડિકલમાં પ્રવેશ માટે 'નીટ'ની એકઝામ આપવી પડે છે જેનો ઘણો વિરોધ થઈ રહ્યો છે. ભારત સરકાર નીટને હટાવી તેની જગ્યાએ વિદ્યાર્થી જયારે એમબીબીએસ પૂર્ણ કરીને બહાર નીકળે ત્યારે એકિઝટ એકઝામ લેવાય જે ઉત્તીર્ણ કરે તો તેને પ્રેકટીશ કરવા મળી શકે અથવા જેને પોસ્ટ ગ્રેજયુએશન કરવું હોય તેના માટે પણ આ પરીક્ષાના મેરિટના આધારે પ્રવેશ મળશે. જો કે આ પરીક્ષા માટે વિદેશથી એમબીબીએસ કરીને આવેલા વિદ્યાર્થીઓ તથા પેરા મેડિકલ અભ્યાસક્રમો જેવા કે આયુર્વેદિક, હોમિયોપેથિક વગેરેને બાકાત રખાયા હોવાથી એલોપેથીના તબીબી વિદ્યાર્થીઓ વિરોધ કરી રહ્યા છે. પેરા મેડિકલ તબીબો પણ એલોપેથીની પ્રેકટીશ કરતા હોવાનો વિદ્યાર્થીઓનો આક્ષેપ છે.




# સરકારી શાળાની વિદ્યાર્થીનીઓને મદદરૂપ થવા યોજાશે 'ચેરીટી થૉન'

## આપણું ફાઉન્ડેશન દ્વારા યોજાનાર 'ચેરીટી થૉન'માં ૫ હજાર જેટલી મહિલાઓ અને વિદ્યાર્થીનીઓ જોડાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના આપણું ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૨૮મી જાન્યુઆરી રવિવારે શહેરની સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતી જરૂરિયાતમંદ વર્ગની વિદ્યાર્થીનીઓને મદદરૂપ થવાના આશયથી ચેરીટી થૉન વૉક એન્ડ રનનું આયોજન કરવામાં આવ્યું છે. ચેરીટી થૉનનો પ્રારંભ શહેરની મધ્યમાં આવેલા ઘ-૪ સર્કલથી થશે જે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનની એક તરફથી મહાત્મા મંદિર જઈ બીજી તરફથી ચ-માર્ગ પર જઈ વિધાનસભા સામે થઈને પરત ફશે. આ ચેરીટી થૉનનો પ્રારંભ સવારે ૬ કલાકે કરાશે. જેનું સમાપન ૧૧ કલાકે થશે અને તેમાં ૨ હજારથી વધુ વિદ્યાર્થીનીઓ ઉપરાંત શહેરની અનેક મહિલાઓ મળીને ૫ હજારની સંખ્યા જોડાવાનો અંદાજ છે.

આપણું ફાઉન્ડેશન દ્વારા શહેરની સરકારી શાળાઓના બાળકોને પ્રોત્સાહન આપવાના તથા તેમને મદદરૂપ થવાના વિવિધ કાર્યક્રમો યોજાય છે. આ કાર્યક્રમ દરમિયાન સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા ઓછી રહેતી હોવાનું ધ્યાનમાં આવતા તમામ વિદ્યાર્થીઓને શાળાએ જતી કરવા તથા તેમને મદદરૂપ થવાના આશયથી ચેરીટી થૉનનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતભરમાં પ્રથમવાર આ પ્રકારનો કાર્યક્રમ થઈ રહ્યો હોવાનો દાવો કરતા આપણું ફાઉન્ડેશન દ્વારા 'દિકરીઓને ભણાવો અને રાષ્ટ્રને મજબૂત બનાવો' ના સંદેશ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સરકારી શાળાની વિદ્યાર્થીનીઓ ઉપરાંત જે મહિલાઓને જોડાવું હશે તેમણે રૂ. ૧૦૦ની પ્રવેશ ફી આપી નોંધણી કરાવવાની રહેશે. કાર્યક્રમના અંતે કેટલીક વિદ્યાર્થીઓને ટી-શર્ટ, ટ્રેક પેન્ટ અને બુટ મોજા સહિતની કીટનું વિતરણ કરવામાં આવશે. શહેરના દાતાઓને આ કીટ વિતરણમાં મદદરૂપ થવા રૂ. ૫૦૦ પ્રતિ કીટનું દાન આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ સાથે મહિલા સશકિતકરણ ની થીમ સાથે ગાંધીનગર પોલિસની સુરક્ષા સેતુ અંતર્ગત ચેરીટી થૉન પત્યા બાદ ગ-૪ થી ઘ-૪ તરફના માર્ગ પર વિદ્યાર્થીનીઓ તથા મહિલાઓને 'સેલ્ફ ડિફેન્સ'ની તાલિમ આપવામાં આવશે. આ તાલીમમાં એરોબિકસ અને ઝુમ્બા જેવી કસરતોનો પણ સમાવેશ કરાયો છે તેમજ સમાપન પ્રસંગે ગરબા અને ડાન્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

### ચેરીટી થૉનમાં ભાગ લેવા-દાન આપવા સંપર્ક

ચેરીટી થૉન વૉક એન્ડ રનમાં માત્ર મહિલાઓ અને બાળાઓ જ ભાગ લઈ શકશે. જેમણે ૯૯૨૫૨૩૪૯૮૫ અથવા ૯૪૨૯૯૬૬૭૫૪ પર વ્હોટસએપ મેસેજ કરી નોંધણી કરાવવાની રહેશે. નોંધણી ફી રૂ. ૧૦૦ રાખવામાં આવી છે. વળી, બાળાઓને જે ટ્રેક શુટની કીટ આપવાની છે તેના પ્રતિ કીટ રૂ. ૫૦૦ ચુકવી દાતા બની શકાશે. આ માટે ૯૪૨૯૯૬૬૭૫૩ અને ૯૦૩૩૫૯૦૯૧૬ પર સંપર્ક સાધવાનો રહેશે.

# રાંધેજામાં ખેતરમાં ખુલ્લેઆમ જુગાર રમતા ચાર ઝડપાયા

## ૧૩ હજાર રોકડ મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ

ગાંધીનગર, તા.૨

પેથાપુર નજીક આવલા રાંધેજા ગામમાં ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો ટોળુ વળીને જુગાર રમી રહ્યા હોવાની બાતમી પેથાપુર પોલિસને મળતા પેથાપુર પોલિસે દરોડો પાડી ચાર શકુનીઓને જુગાર રમતા દબોચી લીધા હતા. પેથાપુર પોલિસે રૂ. ૧૩ હજાર રોકડ મુદ્દામાલ જપ્ત કરી ચારેયની ધરપકડ કરી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પીએસઆઈ વી.બી. દેસાઈની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે રાંધેજા ગામમાં એક ખુલ્લા ખેતરમાં ગ્રામજનો પૈકી કેટલાક શખ્સો ભેગા મળીને બાજી માંડીને બેઠા છે. ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી આધારે ટીમે સ્થળ પર દરોડો પાડતા ખેતરમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલિસે કોર્ડન કરીને જુગાર રમી રહેલા રાંધેજા ગામના જીજ્ઞેશ અમરત રાવળ, જીતેન્દ્ર સીતારામ રાવળ, ડાહ્યા રણછોડ રાવળ અને જીતેન્દ્ર નટુ રાવળ મળીને ચારેય શકુનીઓને પકડી પાડયા હતા અને તેમની પાસેથી તથા દાવ પરથી મળીને કુલ રૂ. ૧૨,૯૧૦ની રોકડ મુદ્દામાલ જપ્ત કરી પેથાપુર પોલિસે ચારેયની જુગારધારાના ગુનામાં ધરપકડ કરી લઈને ધોરણસરની કાર્યવાહી કરી છે.

# આદર્શ નિવાસી શાળા દ્વારા વિજ્ઞાન મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૨

બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને વિદ્યાર્થીનીઓમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ વિકસે એ દષ્ટિએ આદર્શ નિવાસીશાળા (કન્યા) સે-૮ ગાંધીનગર દ્વારા વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિજ્ઞાન મેળો રોટરી કલબ ઓફ કેપીટલના પ્રમુખ બી.કે. ચાવડા દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સાથે શાળાના આચાર્ય જી.કે. સોલંકી, અરવિંદ રાણા વગેરે મહાનુભાવોએ વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરેલ મોડેલ્સને રસપૂર્વક નિહાળ્યા હતા.

વિદ્યાર્થીનીઓએ ૧૧૧ મોડલ તૈયાર કર્યા હતા. જેમાં રૂમ હિટર, વોટરકુલર, બેટરીથી ચાલતો પંખો, બટાકામાંથી વિદ્યુત, કેળામાંથી વિદ્યુત જેવા પ્રોજેકટો તૈયાર કરવામાં આવ્યા હતા તેમજ ઈન્ટરનેટનો ઉપયોગ કરી વૈજ્ઞાનિક માહિતી એકત્ર કરી વિજ્ઞાન પ્રદર્શનમાં રજુ કરવામાં આવી હતી

આ વિજ્ઞાન પ્રદર્શનને સરસ્વતી વિદ્યાવિહાર, પ્રેરણા વિદ્યાલય, આ.નિ. શાળા (કુમાર), સરકારી પ્રા. શાળા નં. ૮ તેમજ સરકારી કન્યા છાત્રાલયના કુલ ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ નિહાળ્યું હતું.




ગાંધીનગર જિલ્લાના નાયબ નિયામક નયનાબેન શ્રીમાળીએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો તેમજ શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીનીઓની મહેનતને શાળાના આચાર્યા શ્રીમતી કે.એમ. ચૌહાણે બિરદાવી હતી.

# કુડાસણ ખાતે ફલેટમાં તસ્કર ટોળકી ત્રાટકી

## શુભ કેન્ડીડ સોસાયટીમાં બંધ મકાનનું ઈન્ટરલોક તોડી તસ્કરો તિજોરીમાંથી દાગીના ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૨

ન્યુ ગાંધીનગરમાં તસ્કરોએ તરખાટ મચાવી દીધો હતો. જે અનુસંધાને સઘન પેટ્રોલીંગ શરુ કરાતા હમણાંથી ઘરફોડ ચોરી ઓછી થઈ હોવાનું પોલિસ ચોપડા પરથી લાગી રહ્યું છે ત્યારે હવે ન્યુ ગાંધીનગરમાં પેટ્રોલીંગ નબળુ થતા ઘરફોડ ચોરી પુનઃ શરુ થઈ ગઈ છે. કુડાસણ ખાતે એક ફલેટમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી અને બંધ મકાનનું ઈન્ટરલોક તોડી અંદરથી દાગીનાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. મકાન માલિકની ફરિયાદ આધારે ઈન્ફોસીટી પોલિસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

ન્યુ ગાંધીનગરના કુડાસણ ગામની સીમમાં આવેલા શુભ કેન્ડીડ ફલેટમાં રહેતા ધ્રુવભાઈ શિવકુમાર થરેજા ટીસીએસમાં નોકરી કરે છે. ૩૦ ડિસેમ્બરે સાંજે ચારેક વાગ્યે ધ્રુવભાઈ મકાનને તાળુ મારીને પરિવાર સાથે બહારગામ જવા નીકળ્યા હતા. બીજે દિવસે ૩૧ ડિસેમ્બરે સાંજ ઘરે આવ્યા અને જોયું તો મકાનના દરવાજાનું ઈન્ટરલોક તુટેલી હાલતમાં હતું. મકાનમાં જઈને જોયું તો સામાન વેરવિખેર પડયો હતો અને રૂમમાં તિજોરી ખુલ્લી હતી. તેમના બંધ મકાનનું ઈન્ટરલોક તોડીને તસ્કરોએ હાથફેરો કરી નાંખ્યો હતો. તિજોરીનું લોક તોડીને અંદરથી રૂ. ૯૫ હજારની કિંમતના દાગીનાની ઉઠાંતરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ઈન્ફોસીટી પોલિસે ધ્રુવભાઈની ફરિયાદ આધારે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત અને ડૉગ સ્કવોર્ડ બોલાવી ચોરો સુધી પહોંચવા તપાસ તેજ કરી છે તો બીજી તરફ સીસીટીવી ફુટેજ મેળવવા પણ એક ટીમ દોડતી કરવામાં આવી છે.

# જય અંબે પરિવાર દ્વારા શતક અન્નકૂટ યોજાયો





ગાંધીનગર, તા.૨

જગત જનની મા ભગવતી જગદંબાના પ્રાગટયદિને 'શતક અન્નકૂટ' મહોત્સવ ભાવસભર રીતે યોજાયો હતો.

ગાંધીનગરની જાણીતી સંસ્થા જય અંબે પરિવાર દ્વારા સેકટર-૧૩-બી ખાતે શકિતચોકમાં 'શતક ભોગ અન્નકૂટ મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી.

પરિવારની મહિલા પાંખની ૫૦થી વધુ બહેનો દ્વારા પ્રથા મુજબ અત્યંત પવિત્રતાપૂર્વક સતત ત્રણ દિવસ વૈવિધ્યપૂર્ણ મિઠાઈઓ, ફરસાણ, જયૂસ, શાકભાજી, અથાણા સહિત ૨૦૧ વાનગીઓ અને વ્યંજનો તૈયાર કરાયા હતા. આ વાનગીઓ સવારે ૯.૩૦ કલાકે રથેશ્વરી માતાજીને ધરાવી થાળગાન અને સમૂહ આરતી ઉતારવામાં આવી હતી તથા જૂનારથના જીર્ણોધ્ધાર સાથે તામ્ર યજ્ઞકુંડમાં આહુતિ અર્પણ કરી માતાજીની વંદના કરાઈ હતી. જેનો ધર્મપ્રેમી જનતાએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો આ ધાર્મિક કાર્યક્રમ સાથે બ્લડ બેંક સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સહયોગથી રકતદાન શિબિર ઉપરાંત જાણીતા આંખના નિષ્ણાત ડૉ. તેજલબેન દલાલ દ્વારા યોજાયેલ કેમ્પમાં ૫૧ દર્દીઓની આંખોની ચકાસણી કરાઈ હતી.

## @ગાંધીનગર

● વંદેમાતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો બપોરે ૩.૩૦ થી ૫.૩૦ દરમિયાન જયાબેન પટેલ, દ્વારકેશ પ્લોટ નં. ૨, સે-૨૮ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના સેકટર-૧૭માં એકિઝબીશન હોલ ખાતે 'ખાદ્ય ખુરાક ૨૦૧૮'નો પ્રારંભ થયો છે. આ એકસ્પોમાં શહેરના ખાણી પીણીના રસિકો ઉપરાંત વેપારીઓને પણ ભારે રસ પડી રહ્યો છે.

● ગાંધીનગરના એક મિઠાઈના વેપારીને તા. ૩૧મી ડિસેમ્બરે રાત્રે ૧૦ વાગ્યાના સુમારે કડવો અનુભવ થવા પામ્યો હતો. પોલિસના ડ્રેસ પહેલા એક બાઈક પર ત્રણ સવારીમાં બાજુમાંથી પસાર થતા પીધેલા યુવાનોએ કારણવગર બિભત્સ ગાળો દઈ વેપારી સાથે માથાકૂટ કરી હતી પરંતુ એટલામાં વેપારીના ઓળખીતાઓ ત્યાં આવી જતા આ યુવાનો રફફુચક્કર થઈ ગયા હતા.

● વર્ષ ૨૦૧૮ના દરેક મહિનાની તે માસના ક્રમ નંબરની તારીખે રવિવાર હોવાનો મેસેજ સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. આ મેસેજ અનુસાર ૧લી જાન્યુઆરી, ૨જી ફેબ્રુઆરી, ૩જી માર્ચથી માંડીને ૧૨મી ડિસેમ્બરની તારીખોએ રવિવાર આવે છે.

## સેકટર-૩-ડીમાં ભાગવત સપ્તાહનું આયોજન

શાંતાબા મહિલા સેવા ટ્રસ્ટ તરફથી અને રામેશ્વર મહીલા મંડળ તરફથી ભાગવત સપ્તાહનું આયોજન તા. ૨જી જાન્યુઆરીથી શ્રી હરિસિધ્ધ માતાએ યોજેલ છે. બપોરે અઢીથી છ વાગ્યા સુધી સપ્તાહ યોજાશે. કાર્યક્રમ હરસિધ્ધિ માતા સેકટર-૩-ડી, ઘ-૨ સર્કલ પાછળ ગાંધીનગર ખાતે રાખેલ છે.

## એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨

શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, સેકટર-૨૩, કડી કેમ્પસ દ્વારા તેજસ્વી તારલા અભિવાદન સમારોહ અને વાર્ષિકોત્સવનું આયોજન આગામી તા. ૪ જાન્યુઆરીના રોજ બપોરે ૧ વાગે શેઠ ખીમજી વિસરામ હોલ ખાતે કરવામાં આવ્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી), ગાંધીનગર સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલના તેજસ્વી તારલાઓને પૂ. દાસકાકા, પૂ. દિવાળીબા, પૂ. માણેકલાલ પુરસ્કાર અર્પણ કરવામાં આવશે. આ સાથે જ વાર્ષિકોત્સવ યોજાશે. સમારંભના અધ્યક્ષ તરીકે પ્રમુખ સ્વામી સાયન્સ કોલેજ, કડીના ચેરમેન અને પૂર્વ મંત્રી અરવિંદભાઈ ટી. પટેલ, મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના એડીશનલ એસ.પી. વિજયભાઈ પટેલ અને અતિથિ વિશેષ પદે માહિતી અને પ્રસારણ વિભાગના નાયબ સેકશન અધિકારી ડૉ. માલાબેન ડી. કાપડિયા ઉપસ્થિત રહેશે.

## ચિરવિદાય

- સ્વ. જયોત્સનાબેન ઉપેન્દ્રકુમાર જહા, ઉ.વ. ૮૦
- સ્વ. કોલી મોતીભાઈ કુંભાભાઈ, ઉ.વ. ૫૭
- સ્વ. વિહોલ ચંચળબા પ્રતાપસિંહ, ઉ.વ. ૧૦૨